# ભાવનગરના મહેરબાન એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ્સ્ટ કલાસ (દિપિકા મઘનાની) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ભાવનગર.

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૯૮૫૮/૨૦૨૩</u>**

**<u>આંક : ૦૫</u>**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:–** **નિતીનભાઈ ઉર્ફે નિતેશ રમેશભાઈ ભટ્ટ**
ઉ.વ.પર, ધંધો : હાલ કંઈ નહી
રહે.વિનાયક નગર, માધાપર ચોકડી પાસે, જામનગર રોડ, તા.જી.રાજકોટ.
મુળ રહે.ત્રિકોણબાગ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, તા.ગોંડલ, જી.રાજકોટ.
હાલ રહે.રાજકોટ મધ્યસ્થ જેલ, રાજકોટ.

---

**ગુન્હો : ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૩૨૮ અને ૩૭૯(ખ) મુજબ**

---

**:: <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૨૩૨ / ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૨૦૯ મુજબ કમીટલ હુકમ</u> ::**

(૧) સદરહુ કામે હાલના આરોપી સામે નિલમબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૩૦૨૩૭/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૩૨૮, ૩૭૯(ખ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે અને રાજકોટ મધ્યસ્થ જેલ મુકામે અન્ય ગુન્હાના કામે પાકા કામનો કેદી છે. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ / ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ ની જોગવાઈ અનુસાર ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતાના આંક–૩ ના નિવેદનમાં જણાવેલ છે કે તેઓ નામદાર સેશન્સ કોર્ટમાં બચાવ માટે પોતે સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે. તે અંગેની આરોપીની પુરસીસ પણ આંક–૪ થી રજુ છે. આરોપી સામેના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા અત્રેની કોર્ટને ન હોય અને માત્ર નામદાર સેશન્સ કોર્ટને જ સત્તા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૨ / ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૯ અન્વયે સદરહુ કેસ ન્યાયના હિતમાં કમીટ કરવા નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

## :: હુ ક મ ::

(૧) સદરહુ કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૨ / ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૯ મુજબ નામદાર સેશન્સ કોર્ટ, ભાવનગર સમક્ષ કમીટ કરવામાં આવે છે.

(૨) આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને મુદત તારીખ–૧૭/૦૬/૨૦૨૬ ના રોજ નામદાર સેશન્સ કોર્ટ, ભાવનગર સમક્ષ હાજર રાખવા અંગે જરૂરી કમીટલ વોરંટ ભરવું.

(૩) સદર કેસનું તમામ અસલ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામદાર સેશન્સ કોર્ટ, ભાવનગર સમક્ષ તાત્કાલિક મોકલી આપવું.

(૪) સદર કેસ કમીટ કર્યાની જાણ જિલ્લા સરકારી વકીલશ્રી ભાવનગરનાઓને કરવી.

ઉપરોકત હુકમ આજ તારીખ–૦૪'થી માહે–જૂન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૦૬/૨૦૨૬ **(દિપિકા કિશનચંદ્ર મઘનાની)**
સ્થળ : ભાવનગર. એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભાવનગર.
જીજે૦૧૪૪૭